e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 347
January 10, 2014

## લિંબાયત ઝોનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં લિંબાયત ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ આજ રોજ તા.૦૨/૦૧/૨૦૧૪ ના રોજ સુરત પુણા કુંભારીયા મેઈન રોડ પુણા પાટીયા મગોબ વિસ્તારમાં આવેલ બહુમાળી અભિનંદન કોર્મશિયલ કોમ્પલેક્ષમાં આવેલ દુકાનો, હોટલ અને ગેસ્ટ હાઉસ તથા ટ્રાન્સપોર્ટ કંમ્પનીની સંસ્થાના માલીકો દ્રારા કોમ્પલેક્ષ વચ્ચે આવેલ કોમન પેસેજવાળી ગલીમાં કચરો તેમજ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત, સીટીલાઈટ રોડ, સુરત ખાતે ટેલિસ્કોપ દ્વારા શહેરીજનોને બતાવવાની વ્યવસ્થા બાબતઃ–

સૂર્ય મંડળમાં સૂર્યથી પાંચમાં સ્થાને આવેલ ગુરૂ ગ્રહ સૂર્યમંડળનો સૌથી મોટો ગ્રહ છે. તા. ૦૬/૦૧/૨૦૧૪ ના રોજ પૃથ્વીથી ગુરૂ ગ્રહ અને સૂર્ય એકબીજાની એકદમ વિરૂધ્ધ દિશામાં આવશે. જેથી સૂર્યાસ્ત થતાની સાથે જ ગુરૂ ગ્રહને સમગ્ર રાત્રી દરમ્યાન આકાશમાં નિહાળી શકાશે. વળી આ સમય દરમ્યાન તે પૃથ્વીથી સરેરાશ અંતર કરતાં સૌથી વધુ નજીક હોવાથી વધુ તેજસ્વી જોઈ શકાશે...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે ડીસેમ્બર ૨૦૧૩ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ :–

સ્મીમેર હોસ્પીટલમાં માહે ડીસેમ્બર ૨૦૧૩ દરમ્યાન ૪૧૦૧ ઈન્ડોર તથા ૪૦૭૧૪ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૩૪૮ તથા ૬૬૨ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૮૮૭૭ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બીના નવા ૭૦૨ અને જુના ૧૪૪૩ દર્દીઓ સહિત કુલ ૨૧૪૫ દર્દીઓને તપાસવામાં આવ્યા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## બાળલકવા નાબુદી અભિયાન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં"નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" અંતર્ગત પલ્સ પોલીયો કાર્યક્રમ :–



બાળલકવા નાબુદી અભિયાન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં "નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" અંતર્ગત પલ્સ પોલીયો કાર્યક્રમનો પ્રથમ રાઉન્ડ તાઃ૧૯/૦૧/૨૦૧૪ થી તાઃ૨૨/૦૧/૨૦૧૪ દરમ્યાન તથા બીજો રાઉન્ડ ફેબ્રુઆરીમાં હાથ ધરવાનો છે. આ કાર્યક્રમ દરમ્યાન ૦–૫ વર્ષ સુધીના બાળકોને પ્રથમ દિવસે નકકી કરવામાં આવેલ રસીકરણ બુથ ઉપર તથા બીજા,ત્રીજા અને ચોથા દિવસે ઘરે–ઘરે ફરી પોલીયોની રસી પીવડાવવામાં આવશે...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત શહેર મત વિસ્તાર/જિલ્લાના કામોને શ્રીમતી આનંદીબેન પટેલ, મા. મંત્રીશ્રી, શહેર વિકાસ વિભાગ દ્વારા મંજુર કરવામાં આવેલ છેઃ–

સુરત મહાનગરપાલિકાને વરસાદી પાણીના નિકાલ, પીવાના શુદ્ધ પાણી અને બીજી મિલકતોના થયેલ નુકશાન, કચરાનો ભરાવો, ગંદકીના નિવારણ માટે આરોગ્યીક્ષી કામગીરી, દવા છંટકાવ વગેરે પ્રજાલક્ષી કામો માટે...

વધુ માટે કલીક કરો >>>>>>

## "૪૧ મી નાટ્ય સ્પર્ધાનો વિનર શો" :–

સુરત મહાનગરપાલિકા ૪૧ વર્ષથી નાટ્યસ્પર્ધાનું આયોજન કરતી આવી છે. છેલ્લે ૪૧ મી નાટ્ય સ્પર્ધા ગાંધી સ્મૃતિ ભવન ખાતે યોજવામાં આવી હતી. સુરતની નાટ્ય સંસ્થાઓ અને નાટ્યરસિક નગરજનોની લોકલાગણીને માન આપી ૪૧મી નાટ્ય સ્પર્ધામાં વિજેતા થયેલ પ્રથમ ચાર નાટકોના વિનર શો તા.૧૯/૦૧/૨૦૧૪ થી તા.૨૨/૦૧/૨૦૧૪ દરમ્યાન દરરોજ રાત્રે ૯.૦૦ કલાકથી સરદાર પટેલ સ્મૃતિ ભવન, ઝવેરચંદ મેઘાણી ગાર્ડન સામે...

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત ઝોનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં લિંબાયત ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ આજ રોજ તા.૦૨/૦૧/૨૦૧૪ ના રોજ સુરત પુણા કુંભારીયા મેઈન રોડ પુણા પાટીયા મગોબ વિસ્તારમાં આવેલ બહુમાળી અભિનંદન કોર્મશિયલ કોમ્પલેક્ષમાં આવેલ દુકાનો, હોટલ અને ગેસ્ટ હાઉસ તથા ટ્રાન્સપોર્ટ કંમ્પનીની સંસ્થાના માલીકો દ્વારા કોમ્પલેક્ષ વચ્ચે આવેલ કોમન પેસેજવાળી ગલીમાં કચરો તેમજ અન્ય ચીજવસ્તુઓ નાંખી ગંદકી કરતા હોય તેમજ કોમ્પલેક્ષમાં આવેલ ડ્રેનેજ લાઈનની ગટર કુંડીઓ તથા બીલ્ડીંગના ડાઉનટેક પાઈપો તુટેલા હોવાથી વપરાશનું મેલુગંદુ પાણી સરીયામ જાહેર રસ્તા ઉપર વહેવડાવી ગંદકી કરતા હોવાની મળેલ ગંભીર ફરીયાદ અનુસાર આજરોજ સદર સ્થળે આરોગ્ય વિભાગની બે (૨) ટીમ બનાવી ઘનિષ્ટ આરોગ્યલક્ષી ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

ઉપરોકત સ્થળે આવેલ પાંચ માળની બહુમાળી કોર્મશિયલ અભિનંદન કોમ્પલેક્ષમાં ટ્રાન્સપોર્ટ કંપનીની સંસ્થા–૧૮, હોટલ–૦૨, ગેસ્ટ હાઉસ–૦૧ તેમજ અન્ય સંસ્થા–૪૯, કુલ–૭૦ સંસ્થા આવેલ છે. કોમ્પલેક્ષમાં આવેલ જે સંસ્થાના ધારકો દ્વારા કોમ્પલેક્ષની પેસેજવાળી ગલીમાં છુટો કચરો નાંખી ગંદકી કરતા તથા કોમ્પલેક્ષની ડ્રેનેજ લાઈનના ડાઉનટેક પાઈપો તથા ઈન્સ્પેકશન આઈ ન હોવાને કારણે તથા ગટર કુંડીઓ તુટેલ હોવાથી વપરાશનું મેલુગંદુ પાણી કોમ્પલેક્ષના પેસેજમાંથી શિવહરી સોસાયટીના જાહેર રસ્તા ઉપર વહેવડાવી ગંદકી કરતા માલુમ પડતા કુલ–૨૯ સંસ્થા ધારકો પાસે સ્થળ ઉપરજ ગંદકીનું ન્યુસન્સ કરવા બદલ કુલ રૂા.૨૪,૦૦૦/– (અંકે રૂપીયા ચોવીસ હજાર પુરા) વસુલ કર્યા બાદ કુલ–૨૦ સંસ્થા ધારકોને ડ્રેનેજ લાઈનની ખામીઓ દુરસ્ત કરવા માટે નોટીસ પાઠવ્યા બાદ સદર સ્થળે કુલ–૨૨ સંસ્થા ધારકો દ્વારા સંસ્થાની સામે કોમન પસેજમાં કચરો નાંખવા બદલ તેઓને તેઓને ચેતવણી પાઠવવામાં આવેલ છે. તેમજ જનજાગૃતી અભિયાન તથા આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં સમાવિષ્ટ ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૬૧(પરવટ–ગોડાદરા)માં રામમઢી આશ્રમની બાજુમાંથી પસાર થતો અને કલ્પના સોસાયટીમાંથી નીકળતા ૩૦ મી. ટી.પી. રોડમાં આશરે ૨૦૦ સ્કેવર ફુટ જગ્યામાં નડતરરૂપ કાચા–પાકા મકાનો સ્થળ પરથી દુર કરી ૩૦ મી. નો ટી.પી.રોડ ખુલ્લો કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત, સીટીલાઈટ રોડ, સુરત ખાતે ટેલિસ્કોપ દ્વારા શહેરીજનોને બતાવવાની વ્યવસ્થા બાબત :–

સૂર્ય મંડળમાં સૂર્યથી પાંચમાં સ્થાને આવેલ ગુરૂ ગ્રહ સૂર્યમંડળનો સૌથી મોટો ગ્રહ છે. તા. ૦૬/૦૧/૨૦૧૪ ના રોજ પૃથ્વીથી ગુરૂ ગ્રહ અને સૂર્ય એકબીજાની એકદમ વિરૂધ્ધ દિશામાં આવશે. જેથી સૂર્યાસ્ત થતાની સાથે જ ગુરૂ ગ્રહને સમગ્ર રાત્રી દરમ્યાન આકાશમાં નિહાળી શકાશે. વળી આ સમય દરમ્યાન તે પૃથ્વીથી સરેરાશ અંતર કરતાં સૌથી વધુ નજીક હોવાથી વધુ તેજસ્વી જોઈ શકાશે. જાન્યુઆરી માસ દરમ્યાન ગુરૂ ગ્રહને સરસ રીતે નિહાળી શકાતો હોવાથી તા. ૦૮ અને ૦૯/૦૧/૨૦૧૪ ના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત, સીટીલાઈટ રોડ, સુરત ખાતે ટેલિસ્કોપ દ્વારા શહેરીજનોને સાંજે ૭.૦૦ થી રાત્રે ૯.૦૦ કલાક સુધી બતાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે, જેનો જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.

TOP

## માહે ડીસેમ્બર ૨૦૧૩ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ :–

સ્મીમેર હોસ્પીટલમાં માહે ડીસેમ્બર ૨૦૧૩ દરમ્યાન ૪૧૦૧ ઈન્ડોર તથા ૪૦૭૧૪ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૩૪૮ તથા ૬૬૨ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૮૮૭૭ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બીના નવા ૭૦૨ અને જુના ૧૪૪૩ દર્દીઓ સહિત કુલ ૨૧૪૫ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૩૮૩ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૦૬૧ તથા આંખ વિભાગમાં ૩૩૩૩ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૪૦૮૦ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## બાળલકવા નાબુદી અભિયાન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં"નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" અંતર્ગત પલ્સ પોલીયો કાર્યક્રમ :–




બાળલકવા નાબુદી અભિયાન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં "નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" અંતર્ગત પલ્સ પોલીયો કાર્યક્રમનો પ્રથમ રાઉન્ડ તાઃ૧૯/૦૧/૨૦૧૪ થી તાઃ૨૨/૦૧/૨૦૧૪ દરમ્યાન તથા બીજો રાઉન્ડ ફેબ્રુઆરીમાં હાથ ધરવાનો છે. આ કાર્યક્રમ દરમ્યાન ૦–૫ વર્ષ સુધીના બાળકોને પ્રથમ દિવસે નકકી કરવામાં આવેલ રસીકરણ બુથ ઉપર તથા બીજા,ત્રીજા અને ચોથા દિવસે ઘરે–ઘરે ફરી પોલીયોની રસી પીવડાવવામાં આવશે.

આ કાર્યક્રમનો સુવ્યવસ્થિત અમલ માટે માન.મેયરશ્રીનાં અધ્યક્ષસ્થાને તાઃ૦૭/૦૧/૨૦૧૪ ના રોજ બપોરે ૧૨ઃ૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના જુના સ્થાયી સમિતી ખંડમાં સ્ટીયરીંગ કમિટિની મીટીંગ રાખવામાં આવેલી હતી. જેમાં મે.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, સ્થાયી સમિતિ ચેરમેનશ્રી રાજેશ દેસાઈ, ૠગણાલયો અને તંદુરસ્તી વર્ધક સમિતિના ચેરપર્સન શ્રીમતી ઉર્મીલાબેન રાણા,શાસક પક્ષના નેતા શ્રી.આર.કે.લાઠીયા, નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી, એન.પી.એસ.પી.(ડબ્લ્યુએચઓ)નાં સર્વેલન્સ મેડીકલ ઓફીસરશ્રી ડો.ચિરાગ વાલીયા,તમામ ઝોનનાં નાયબઆરોગ્ય અધિકારી,મેડીકલ ઓફિસરવર્ગ–૧(કુ.ક. બ્યુરો), પ્રોગ્રામ ઓફિસર (સા.પ.કુ.),ગર્વમેન્ટ મેડીકલ કોલેજ તથા સ્મીમેરના(પી.એસ.એમ વિભાગ) એસો.પ્રોફેસર, જીલ્લા પંચાયત સુરતના પ્રતિનિધી તેમજ એન.જી.ઓ.માં ટોરેન્ટ પાવર કુ.નાં પ્રતિનિધિ તથા અન્ય અધિકારી કર્મચારીઓ હાજર રહયા હતા.

પ્રારંભે નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રીએ આમંત્રિતોનું સ્વાગત કર્યુ હતુ તથા કાર્યક્રમ અંગે પ્રાથમિક માહિતી આપી હતી. સને ૧૯૯૫ થી અત્યાર સુધી પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન પોગ્રામના ૫૯(ઓગણસાઈઠ) તથા માઈગ્રેટેડ પોપ્યુલેશન ધરાવતા વિસ્તારમાં ૩૩(તેત્રીસ) રાઉન્ડ મળી કુલ ૯૨(બાણુ) રાઉન્ડ હાથ ધરવામાં આવ્યા છે. જેમાં ૦–૫ વર્ષના બાળકોના લક્ષ્યાંકની સામે ૧૦૦ ટકા કામગીરી હાંસલ કરવામાં આવે છે. આ રાઉન્ડમાં પણ ૧૦૦ ટકા સિધ્ધી હાંસલ થાય તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો.

એન.પી.એસ.પી.(ડબ્લ્યુએચઓ)નાં સર્વેલન્સ મેડીકલ ઓફીસરશ્રી ડો.ચિરાગ વાલીયાએ પોતાના પ્રેઝેન્ટેશનમાં કાર્યક્રમ સબંધી કામગીરી અંગે ઝીણવટભરી માહિતી આપી.

માનનીય મેયર સાહબે પોતાના પ્રવચનમાં સુરત મહાનગરપાલિકાની કામગીરી સર્વ દિશામાં,સર્વ પ્રકારે,સર્વ કામગીરીમાં સર્વશ્રેષ્ઠ છે. જેથી સુરત શહેર અત્યારે પ્રગતિની જે ઉચાઈએ પહોંચ્યુ છે તેથી ઉત્કૃષ્ટ કામગીરી થાય તેવુ આયોજન કરી આ પ્રોગ્રામને દરેક ડીપાર્ટમેન્ટે ગંભીરતાથી લેવા માટે જણાવ્યુ હતુ.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પદાધિકારીઓ તરફથી સંપુર્ણ સાથ સહકાર છે.લોકલ ચેનલમાં પોલીયો પ્રોગ્રામનો બહોળો પ્રચાર થાય તે માટે બોટમ સ્ક્રોલ કરતા ફુલ સ્ક્રીન એડવર્ટાઈઝ થાય તેવી વ્યવસ્થા કરવા તેમજ ટેક્ષ્ટાઈલ એસોશીએશન,ડાયમંડ એસોશીએશન તથા ફોસ્ટા વગેરે સંગઠનો(સંસ્થાઓ)નો સાથ સહકાર મેળવવા માટે જણાવ્યુ હતુ.

સ્થાયી સમિતિ ચેરમેનશ્રી રાજેશ દેસાઈએ પ્રોગ્રામના એક દિવસ પહેલા સ્કૂલના બાળકોની રેલી કઢાવો.આ કાર્યક્રમને માત્ર સરકારી પ્રોગ્રામ ન બનાવતા લોકઅભિયાન બનાવી લોકોનો સહકાર મળી રહે તે માટે આ કાર્યક્રમમાં સામાજીક સંગઠનોને પણ જોડવા સુચન કર્યુ હતુ.

શાસક પક્ષના નેતાશ્રીઆર.કે.લાઠીયાએ શહેર,રાજય તથા દેશની ભાવી પેઢીને ઉજજવળ બનાવવા માટે આ કાર્યક્રમને સફળતા મળે તે માટે દરેક અધિકારી/કર્મચારી તથા કાર્યકરોએ પોતાની નૈતિક ફરજ સમજી કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવા અનુરોધ કર્યો હતો.આગામી કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવા શુભેચ્છા વ્યકત કરી હતી.

વિવિધ કોલેજ/સંસ્થાઓના પ્રતિનીધીઓએ કાર્યક્રમ અંગે તેમના મંતવ્યો રજુ કર્યા હતા તથા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રેષ્ઠ યોગદાન મળી રહેશે તે અંગેની આત્રી આપી હતી.

TOP

## સુરત શહેર મત વિસ્તાર/જિલ્લાના કામોને શ્રીમતી આનંદીબેન પટેલ, મા. મંત્રીશ્રી, શહેર વિકાસ વિભાગ દ્વારા મંજુર કરવામાં આવેલ છે :–

| ક્રમ | રસ્તાનું નામ | કામની વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | સુરત મહાનગરપાલિકાને ભારે વરસાદ અને અતિવૃષ્ટિને કારણે થયેલ નુકશાન તેમજ વ્યવસ્થા માટે ગ્રાન્ટની ફાળવણી | સુરત મહાનગરપાલિકાને વરસાદી પાણીના નિકાલ, પીવાના શુદ્ધ પાણી અને બીજી મિલકતોના થયેલ નુકશાન, કચરાનો ભરાવો, ગંદકીના નિવારણ માટે આરોગ્યીક્ષી કામગીરી, દવા છંટકાવ વગેરે પ્રજાલક્ષી કામો માટે. | ૧૮ કરોડ |

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૭(આંજણા)માં ચીમની ટેકરાથી ખ્વાજાનગર તરફ કોયલીખાડી કિનારેના સૂચિત ૯.૦ મી. પહોળા રસ્તા પૈકીની જગ્યા માટે અગાઉ આશરે ૩૨૪ ઝુંપડાઓ દુર કરવામાં આવેલ. ત્યાર બાદ સ્થળે બાકી રહેલ આશરે ૫૦ થી ૬૦ ઝુંપડાઓ દુર કરવાની કામગીરી તા. ૦૭/૦૧/૨૦૧૪ શરૂ કરવામાં આવેલ, જે આજે તા.૦૮/૦૧/૨૦૧૪ ના રોજ સાંજ સુધીમાં પુર્ણ થયે. સદરહુ ઝુંપડાઓ દુર થયેથી કુલ ૬૩૦૦ ચો.મી. જમીન ખુલ્લી થશે, જેમાં ખાડી કિનારે ૯.૦મી. પહોળાઈમાં રસ્તો બનાવવામાં આવશે.

TOP

## તમામ ઝોનની સફાઈ ઝુંબેશ :–

તા. ૮–૧–૨૦૧૪ બુધવાર

| અનં | વિગત | Total |
|---|---|---|
| અ | સફાઈ ઝુંબેશનો વિસ્તાર | |
| બ | કુલ ટીમની સંખ્યા | ૩૬ |
| ૧ | ડે. ઈજનેર | ૧ |
| ૨ | મુખ્યઆરોગ્ય નિરીક્ષક | ૧૫ |
| ૩ | જુ. –આસી. ઈજનેર / સુપરવાઈઝર | ૫ |
| ૪ | ગુમાસ્તાધારા ઈન્સ્પેકટર | ૬ |
| ૫ | ટેકનીકલ આસી. | ૬ |
| ૬ | વાયરમેન | ૬ |
| ૭ | આરોગ્ય નિરીક્ષક / મ.આ. નિરીક્ષક | ૬૭ |
| ૮ | ડ્રેનેજ ઈન્સ્પેકટર | ૦ |
| ૯ | પ્રાયમરી હેલ્થ વર્કરો | ૨૭ |
| ૧૦ | કડીયા | ૨ |
| ૧૧ | સફાઈ કામદારો / બેલદારો | ૦ |
| ૧૧ અ | આરોગ્યવિભાગ | ૫૭૮ |
| ૧૧ બ | લોકસેવા વિભાગ | ૮૪ |
| ૧૧ ક | ડ્રેનેજ વિભાગ | ૪ |
| ૧૨ | કચરા મિશ્રિત માટીનાં ઢગલા, સ્કેપીંગ મટીરીયલ, ડેબ્રીશનો નિકાલ કુલ મે. ટન | ૫૩.૪ |
| ૧૩ અ | દબાણ દુર કર્યાની વિગત | ૦ |
| ૧૩ બ | લારી | ૨ |
| ૧૩ ક | ગલ્લા | ૦ |
| ૧૩ ડ | અન્ય સામાન | ૫ |
| ૧૪ | ગુમાસ્તાધારા વિભાગ તરફથી ચેક થયેલ સંસ્થા | ૧૩૧ |
| ૧૫ અ | પ્રોફેશન ટેક્ષ અંતર્ગત કરેલ કામગીરી ચેક કરેલ સંસ્થા : | ૧૧૨ |
| ૧૫ બ | વસુલ કરેલ ટેક્ષની રકમ રૂા. | ૧૪૪૦૦ |
| ૧૬ | ફુટપાથ રીપેર કરી કુલ ચો. મી. | ૨૫ |
| ૧૭ | વોટરટેબલ રિસેટ કર્યા / રીપેર કર્યા / સ્ક્રેપીંગ કરી સાફ કર્યા કુલ (રનીંગ મીટર) | ૪૨૫ |
| ૧૮ અ | વરસાદી જાળીયા સાફ કર્યા નંગ | ૭ |
| ૧૮ બ | વરસાદી જાળીયા રીપેર કર્યા | ૧ |
| ૧૯ | લાઈટ વિભાગની કામગીરી | ૫૦ |
| વી.બી.ડી.સી. વિભાગની કામગીરી | | ૦ |
| ૨૦ | કુલ ઘર સર્વે | ૪૩૬૦ |
| ૨૧ | બ્રીડીગ સ્પોટ ચેક કર્યા | ૧૦૧૫૨ |
| ૨૨ | પોઝીટીવ બ્રીડીગ સ્પોટ | ૧૬ |

| | | |
|---|---|---|
| ૨૩ | બ્રીડીગ નાશ કર્યા | ૧૬ |
| ૨૪ અ | એનો. | ૫ |
| ૨૪ બ | એડીસ | ૮ |
| ૨૪ ક | કયુલેકસ | ૦ |
| ૨૪ ડ | મિશ્ર | ૩ |
| ૨૫ | તાવનાં કેસમાં સ્લાઈડ લીધી | ૧૬૪ |
| ૨૬ | એફ.આર.ટી. આપી | ૧૫ |
| ૨૭ | ફોગીંગ આયોજન | ૦ |
| ૨૮ | કુલ નોટીસ / ચેતવણી | ૧૯૦ |
| ૨૯ | વહીવટી ખર્ચ વસુલાત | ૨૭૮૦૦ |
| ૩૦ | ઈસમોની સંખ્યા | ૨૩૦ |
| ૩૧ | પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત કી.ગ્રા. | ૨૩.૯ |
| ૩૨ | અખાધ પ્રદાથોનો નાશ કી.ગ્રા. | ૨૮.૫ |
| ૩૩ | આંગણવાડીઓ ચેક કરી | ૪ |
| ૩૪ | શાળાઓ / સરકારી મકાન ચેક કર્યા | ૩ |
| ૩૫ | કામગીરીમાં જોડાયેલ આગેવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ / શાળાઓની વિગત | ૦ |

**સફાઈ ઝુંબેશનો વિસ્તારઃ–**

| | | |
|---|---|---|
| સેન્ટ્રલ ઝોન | : | નાનપુરા ખાખીબાવાના મંદીરનાં નાકાથી ત્રિવેણી એપાર્ટમેન્ટ થઈ કૈલાસ રેસ્ટોરન્ટ થઈ ટી.એન્ડ ટી.વી. સ્કુલ અઠવાગેટ સુઘી, ચોકબજાર ગાંધીજીની પ્રતિમાથી એનીબેસન્ટ રોડ થઈ અગવાસા ખાડી કન્ટેઈનર સુઘી, દિલ્હીગેટ પોલીસ ચોકી થી અમીષા હોટલ સુઘી ફીશ માર્કેટવાળો રોડ, લાલદરવાજા ચાર રસ્તાથી રેશમભવન થઈ આર્યુવેદીક હોસ્પીટલ સુઘી બન્ને સાઈડ |
| વરાછા ઝોન | : | કાપોદ્રા ડાબીબાજુ ફાયર સ્ટેશન સુઘી, કૃષ્ણ નગર સ્કુલથી દીનદયાળ રોડથી ઝુપડપટ્ટી સુઘી, સાગર કોપ્લેક્ષ, રામ નગર વસાહત, દીનદયાળ વસાહત,કૃષ્ણનગર વસાહત, રચના સર્કલ ડાબીબાજુ |
| રાંદેર ઝોન | : | સરસ્વતી વિધાલય સામે ઈડબલ્યુએસ, મહાવીર રો હાઉસ, સાંઈ સ્કવેરથી મંથન રો હાઉસ, એલ.પી. સવાણી સર્કલથી<br>એસ.વી.આઈ.રોડ બન્ને બાજુ |
| કતારગામ ઝોન | : | કોસાડ આવાસ એચ–૧ ના તમામ ખાંચા તથા મુખ્ય રસ્તાની સફાઈ |
| ઉધનાઝોન | : | બમરોલી વોર્ડ ઓફીસથી આશાપુરી માર્કેટ, કર્મયોગી સોસાયટી |
| અઠવા ઝોન | : | નંદનવન રોડ, હેગડેવાર,સામીપુરા રોડ |
| લીંબાયત ઝોન | : | ડુંભાલ ટેનામેન્ટ તમામ તથા આંજણા વોર્ડ |

TOP

## "૪૧ મી નાટ્ય સ્પર્ધાનો વિનર શો" :–

સુરત મહાનગરપાલિકા ૪૧ વર્ષથી નાટ્યસ્પર્ધાનું આયોજન કરતી આવી છે. છેલ્લે ૪૧ મી નાટ્ય સ્પર્ધા ગાંધી સ્મૃતિ ભવન ખાતે યોજવામાં આવી હતી. સુરતની નાટ્ય સંસ્થાઓ અને નાટ્યરસિક નગરજનોની લોકલાગણીને માન આપી ૪૧મી નાટ્ય સ્પર્ધામાં વિજેતા થયેલ પ્રથમ ચાર નાટકોના વિનર શો તા.૧૯/૦૧/૨૦૧૪ થી તા.૨૨/૦૧/૨૦૧૪ દરમ્યાન દરરોજ રાત્રે ૯.૦૦ કલાકથી સરદાર પટેલ સ્મૃતિ ભવન, ઝવેરચંદ મેઘાણી ગાર્ડન સામે, વરાછા રોડ, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે. જેનો શુભારંભ સમારોહ તા.૧૯/૦૧/૨૦૧૪ના રોજ રાત્રે ૯.૦૦ કલાકે મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાની અધ્યક્ષતામાં સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા કુ.સ્વાતિબેન સોસાના વરદ્‌હસ્તે રાખવામાં આવેલ છે. આ વિનર શો વિનામૂલ્યે અને પ્રવેશ તથા બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે રાખવામાં આવેલ હોય, સરદાર પટેલ સ્મૃતિ ભવનના તખ્તે રજુ થનાર આ વિજેતા નાટકોને માંણવા નિમંત્રિતોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી. પાસ વગર પ્રવેશ આપવામાં આવશે નહિં.

**:: "૪૧ મી નાટ્ય સ્પર્ધાનો વિનર શો કાર્યક્રમ"**

| ક્રમ | તારીખ/વાર | વિજેતા ક્રમ | નાટકનું નામ | સંસ્થાનું નામ | દિગ્દર્શકનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૯.૦૧.૨૦૧૪ રવિવાર | દ્વિતીય વિજેતા | વૈશાખી કોયલ | એચ.કે.આર્ટસ | કપિલદેવ શુકલ |
| ૨ | ૨૦.૦૧.૨૦૧૪ સોમવાર | તૃતીય વિજેતા | છેલ્લી તરસ ગંગાજળ માંગે | ફોરમ આર્ટ | વૈભવ દેસાઈ |
| ૩ | ૨૧.૦૧.૨૦૧૪ મંગળવાર | ચતુર્થ વિજેતા | તોખાર | સીલ્યુએટ થીએટર્સ | દેવાંગ જાગીરદાર |
| ૪ | ૨૨.૦૧.૨૦૧૪ બુધવાર | પ્રથમ વિજેતા | ખેલંદો | કે.ડી.એન્ટરટેઈનર | તથાગત શુકલ |

TOP